GJJN110000712026

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૧૫/૦૧/૨૦૨૬ | | |
| રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૧૫/૦૧/૨૦૨૬ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૦૬/૦૮/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૬ | ૨૨ |

**ભેસાણના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, ભેસાણ.**

**ક્રિમીનલ કેસ નં. ૪૫/૨૦૨૬.**
**આંકઃ– ૩૩.**

ફરિયાદીઃ– શ્રી સરકાર.

**–:: વિરૂધ્ધ ::–**

આરોપીઃ– નરેશભાઈ કનુભાઈ શાંખલા,
ઉં.વ.૩૯, ધંધો–મજુરી,
રહે.ભુતનાથ શેરી વણકરવાસ ભેસાણ,
તા.ભેસાણ,જી.જુનાગઢ.

**ગુનોઃ–** **ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ–66(1)(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબનો**

| | |
|---|---|
| રજૂઆતઃ | |
| શ્રી સરકાર તરફે વિદ્વાન એ.પી.પી. શ્રી | એમ.એચ.સીંધી. |
| આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી | એસ.આર.ડોડીયા. |

## –:: ચુકાદો ::–

**(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકતઃ–**

આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે તા.૦૧/૧૨/૨૦૨૫ ના કલાક ૧૭/૩૫ વાગ્યે ભેસાણ ચણાકા રોડ ઉપર પોતાના

કબજા હવાલાની સુઝુકી કંપનીની સ્કુટી પેપ મોપેડ જેના રજી.નં.GJ–14–N–0836,જેની કિં.રૂા.૭,૦૦૦/–વાળી ગેરકાયદેસર પાસ પરમીટ વગર કેફી પીણુ પીધેલી હાલતમાં ચલાવી મળી આવી પકડાઇ જઇ,ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી. એકટની કલમ–૧૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કર્યાનો આરોપી ઉપર આક્ષેપ છે.

(૨) <u>પોલીસ કાર્યવાહી</u>

આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબના ગુન્હા સબબની ફરિયાદ આ કામના ફરિયાદીએ ભેસાણ તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રથમ બાતમી નં. ૧૧૨૦૩૦૦૭૨૫૦૪૯૭/૨૦૨૫ થી નોંધાવતા તે આધારે બનાવની તપાસ કરનાર પોલીસ અધિકારીશ્રીએ જરૂરી પંચનામા કરી, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો લઇ, મુદ્દામાલ કબજે કરી આરોપી વિરૂધ્ધ ગુન્હા સબબના પુરતા પુરાવા મળતા ઇન્સાફી કાર્યવાહી થવા સારૂ અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૩) <u>કોર્ટ કાર્યવાહી</u>

આ કામના આરોપી સામે ચાર્જશીટ રજૂ થતાં, આરોપી સામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૧૦(૧)(બી) મુજબ પોલીસ રીપોર્ટને આધારે ઉપરોક્ત ગુન્હાનું સંજ્ઞાન લઇ, આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૨૭ અન્વયે સમન્સ કરવામાં આવેલ જે અનુસંધાને આરોપી કોર્ટમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૬૩(૧) પ્રમાણે આરોપી ઉપર **આંક–૦૪** થી ઉપરોક્ત ગુન્હાનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી, સદરહુ તહોમતનામું કલમ–૨૬૩(૨) પ્રમાણે આરોપીને વાંચી – સંભળાવી, આરોપીની સદરહુ તહોમતનામા અંગે **આંક–૦૫** થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં,તેમણે ગુનો કબૂલ હોવાનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલ

છે.જેથી, કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ– ૨૬૫ મુજબ ફરિયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ હતો.

(૪) **<u>ફરિયાદી પક્ષે પોતાના કેસ સમર્થનમાં નીચેની વિગતે પુરાવો રજૂ કરેલ છે.</u>**

**મૌખિક પુરાવો**

| ક્રમ | આંક | સાક્ષીની વિગત | નામ. |
|---|---|---|---|
| ૧. | ૦૭ | પંચ સાહેદ | વિપુલ મનજીભાઈ ખુમાણ ની જુબાની |
| ૨. | ૧૨ | ફરીયાદી | પો.કો.વિક્રમભાઈ રાજાભાઈ ગરચર ની જુબાની |
| ૩. | ૧૪ | પંચ સાહેદ | જયદિપભાઈ વિરજીભાઈ પરમાર ની જુબાની |
| ૪. | ૧૯ | મેડીકલ ઓફિસર સાહેદ | ડો.પ્રતિકભાઈ ચંદુલાલ વેકરીયા ની જુબાની |
| ૫. | ૩૨ | તપાસ કરનાર અમલદાર | પો.હેડ કો.પિન્ટુભાઈ ભીખાભાઈ વાઘેલા ની જુબાની |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | આંક | દસ્તાવેજનું વર્ણન. |
|---|---|---|
| ૧. | ૦૮ | આરોપીની શરીર સ્થીતીના પંચનામાની ખરી નકલ. |
| ૨. | ૧૩ | અસલ ફરિયાદ. |
| ૩. | ૨૦ | પોલીસ યાદી. |
| ૪. | ૨૧ | મેડીકલ પેપર. |
| ૫. | ૨૨ | ફોર્મ–એ. |
| ૬. | ૨૩ | ફોર્મ–બી. |
| ૭. | ૨૪ | ફોર્મ–સી. |

(૫) **<u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદનઃ</u>–**

આ કામે ફરિયાદ પક્ષે રજૂ રાખેલ પુરાવાઓના અંતે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધેલ છે. **જેમાં આરોપીએ ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવાઓ ખરા હોવાનો ઈન્કાર કરી તેઓ તદ્દન નિર્દોષ હોવાનું જણાવેલ છે.** આરોપીએ સોગંદ પર જુબાની આપેલ નથી કે બચાવના સાક્ષીઓ તપાસેલ નથી.

(૬) <u>પક્ષકારો તરફે દલીલો</u>

આ કામમાં ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી ની તથા આરોપી તરફે વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે જેમાં વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદપક્ષ આરોપી પરનો આક્ષેપીત ગુનો નિઃશંકપણે પુરવાર કરી શકેલ હોય તેને કાયદા મુજબની યોગ્ય સજા કરવા દલીલ કરી છે તેમજ આરોપી પક્ષે વિ.વ.શ્રી એ દલીલ કરેલ છે કે સદર કામે પંચો હોસ્ટાઇલ થયેલ છે તેમજ કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો પોલીસે લીધેલ નથી તેમજ મેડીકલ બ્લડ ટેસ્ટ રૂલ્સનો ભંગ થયેલ છે જે દિવસે બ્લડ રીસીવ થયુ તે દિવસે તેનું પરિક્ષણ થયેલ નથી ફોર્મ–એ જોવામાં આવે તો તા.૦૧/૧૨/૨૦૨૫ ના રોજ આરોપી વ્યકિતનુ લોહી લીધેલ છે અને તે જ તારીખે એફ.એસ. એલ.પૃથ્થકરણ માટે ગાંધીનગર લેબોરેટરી ખાતે મોકલાવેલ છે.હવે, નિયમ મુજબ સાત દિવસમાં બ્લડ મળી જવુ જોઈએ પરંતુ, ફોર્મ–સી જોતાં તા. ૧૨/૧૨/૨૦૨૫ ના રોજ બ્લડ મળેલુ જણાય છે. એટલે કે,૧૧ દિવસ બાદ મળેલ છે.જેનાથી બ્લડટેસ્ટ રૂલનો ભંગ થયેલ હોવાનું માનવાને કારણ છે.વધુમાં આરોપીનાં બચાવની દલીલોનાં સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદાઓ રજુ કરેલ છે જેની ચર્ચા આગળ કરવામાં આવેલી છે.

(૭) <u>નિર્ણય અંગેના મુદ્દાઓઃ–</u>

આ કામે પક્ષકારો તરફે રજૂ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ તથા શ્રી સરકાર પક્ષે વિ.એપીપીશ્રીની રજૂઆત તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો ધ્યાને લેતાં આ કેસના ન્યાયીક નિકાલ સારૂ મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુ દ્દા</u> ::–**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એવુ સાબિત કરે છે કે,આ કામના તહોમતદારે તા.૦૧/૧૨/૨૦૨૫ ના કલાક ૧૭/૩૫ વાગ્યે ભેસાણ ચણાકા રોડ ઉપર પોતાના કબજા હવાલાની સુઝુકી કંપનીની સ્કુટી પેપ મોપેડ જેના રજી.નં.GJ–14–N–0836, જેની કિં.રૂા.૭,૦૦૦/–વાળી ગેરકાયદેસર પાસ પરમીટ વગર કેફી પીણુ પીધેલી હાલતમાં ચલાવી મળી આવી પકડાઇ જઇ,ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એકટની કલમ–૧૮૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૮) **<u>ઉપરોકત મુદ્દા અંગેના ન્યાયીક નિર્ણયો માટેના કારણો નીચે મુજબના છે.</u>**

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ અનુસાર.

–:: **<u>કા ર ણો</u>** ::–

**<u>મુદ્દા નં. ૧</u>** :–

(૯) ફરિયાદ પક્ષે સૌપ્રથમ આરોપી પરનો આક્ષેપિત ગુન્હો નિઃશંકપણે પુરવાર કરવા માટે આ કામે ફરિયાદ પક્ષે આ **<u>કામના ફરીયાદી પો.કો.વિક્રમભાઈ રાજાભાઈ ગરચર ને આંક–૧૨</u>** થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ કે,''હું ગઈ તારીખ ૦૧/૧૨/૨૫ના રોજ અમો તથા પી.બી.વાઘેલા ભેસાણ–ચણાકા રોડ ઉપર પેટ્રોલીંગમાં હતા ત્યારે એક સુઝુકી કંપનીની સ્કુટી પેપ જેના રજીસ્ટર નંબર જી.જે.૧૪ એન.૦૮૩૬ આ કામના આરોપી નરેશ કનુભાઈ સાંખલા કેફીપીણુ પીધેલી હાલતમાં ચલાવી આવતા મોઢુ સુંઘતા મોઢામાંથી વાસ આવતી હતી, શરીરનુ સમતોલપણુ જાળવી શકતા ન હતા. મજકુરને અટક કરી ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે. જે હુ ઓળખુ છુ. જે રજુ આંક–૧૩ આપવામાં આવે છે.''

સદર સાહેદ બચાવ પક્ષના વિધ્વાન વકિલશ્રી દ્વારા લેવામાં આવેલી તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે**,'' એ વાત ખરી છે કે તેઓએ તપાસના કામે પોલીસ સાહેદ સિવાય બીજા કોઈ સાહેદોના નીવેદનો લીધેલા નથી.''**

(૯.૧) ત્યારબાદ ફરિયાદ પક્ષે આ કામે આરોપીનાં શરિરસ્થિતિનાં પંચનામાના પંચ સાહેદ વિપુલ મનજીભાઈ ખુમાણ ને **આંક–૦૭** થી તેમજ બીજા અન્ય પંચ સાહેદ જયદિપભાઈ વિરજીભાઈ પરમાર ને **આંક–૧૪** થી તપાસવામાં આવેલ છે. આ બેને પંચોનો પુરાવો એકીસાથે જોવામાં આવે તો તેઓએ પોતાની જુબાનીમાં ફરિયાદપક્ષને સમર્થન ન આપેલ હોય તથા **આંક–૦૮** ના પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય તેઓને વિધ્વાન એ.પી.પી.શ્રી એ હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસ કરેલ છે. પરંતુ, ફરિયાદપક્ષની ઉલટ તપાસમાં પણ આ પંચ સાહેદો **આંક–૦૮** ના પંચનામાની કાર્યવાહી તેઓની રૂબરૂ થયાનો સ્પષ્ટ ઈન્કાર કરે છે. તેમજ ફરિયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ ફળદાયી હકીકતો મેળવી શકેલ નથી તેમજ બચાવપક્ષ દ્વારા લેવામાં આવેલી ઉલટતપાસમાં સાહેદો એ હકીકતનો સ્વિકાર કરે છે કે માત્ર તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી અને સહી કર્યા સિવાય પંચનામાં વિષે બીજી કોઇ જાતમાહિતી તેઓને નથી.આમ,આ પંચ સાહેદોનો પુરાવો જોતાં આ પંચ સાહેદોની રૂબરૂ આરોપીની શરિરસ્થિતિનું પંચનામું કરેલ હોવાની હકીકત પ્રસ્થાપિત થતી નથી. પંચનામાને બચાવપક્ષની સંમતીથી આંક આપવામાં આવેલ છે પરંતુ તેનાથી આરોપીઓ પરનો આક્ષેપીત ગુનો નિઃશંકપણે પુરવાર થતો નથી.

(૯.૨) ત્યારબાદ ફરિયાદ પક્ષે **મેડીકલ સાહેદ <u>ડો.પ્રતિકભાઈ ચંદુલાલ વેકરીયા ને</u> <u>આંક–૧૯ થી</u>** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ કે,"તા.૦૧–૧૨–૨૦૨૫ના રોજ હુ મારી ફરજ પર સીવીલ હોસ્પીટલ ભેસાણ ખાતે હાજર હતો ત્યારે સાંજના ૭–૩૫ વાગ્યે પોલીસ કોન્સ.પી.બી.વાઘેલા બ.નં.૪૧૧ ભેસાણ પોલીસ સ્ટેશનનો પત્ર લઈને પોલીસ યાદી સાથે આવેલા આરોપી નરેશભાઈ કનુભાઈ શાં

ખલા ઉ.વ.૩૯ રહે. ભેસાણવાળાને કેફીપીણુ પીધેલી હાલતમાં અટક કરેલ હોય,તેના બ્લડનુ સેમ્પલ લઈ, એ–બી–ફોર્મ ભરી આપવા જણાવેલ. પોલસી યાદી સાથે મને બતાવવામાં આવે છે. તેમાં મારી સહી છે.જે હુ ઓળખુ છુ. જે રજુ દા.આંક – ૨૦ આપવામા આવે છે. તથા ઓપીડી કેસ નં. ૬૮૪૧૪ તા.૦૧/૧૨/૨૫ના જે રજુ દા.આંક –૨૧ આપવામાં આવેલ છે. તેઓને તપાસતા નીચે મુજબના તારણો જણાઈ આવેલ(૧) શ્વાસમાંથી આલ્કોહોલની વાસ આવતી હતી. (૨) સભાન અવસ્થામાં હતા. (૩) ચાલ સ્થીર અને બોલચાલ સામાન્ય હતી.(૪) તેની આંખોની કીકીઓ પહોળી હતી.મારા અભિપ્રાય મુજબ સદર વ્યકિતએ આલ્કોહોય પીધેલ તેની અસર તળે હતો. સદર વ્યકિતની સહી અને સદર વ્યકિતનુ અંગુઠાનુ નિશાન મારી રૂબરૂમાં લીધેલુ. એ–ફોર્મમાં મારી પણ સહી છે.જેની સ્થળપ્રત સાથે લાવેલ છુ.જે રજુ દા.આંક–૨૨ આપવામાં આવે છે.ત્યારબાદ અમોએ સદર વ્યકિત ના ડાબા હાથની કોણીના અગ્રભાગને નોન આલ્કોહોલીક એન્ટીસેપ્ટીક લીકવીડ દવારા સાફ કરીને સ્ટરીલાઈઝ ડીસ્પોઝેબલ નીડલ સીરીજથી પાંચ સીસી લોહી લીધેલ જેમાં દશ મીલીગ્રામ પોટેશન ઓફઝોલેટ જે એન્ટીકોગ્યુલેન્ટ તથા દશ મીલી મરકયુલસ કલોરાઈડ જે પ્રિઝરવેટીવ હોય તેવા તૈયાર સ્ટરીલાઈજ ફીઆલમાં અમોએ પ્લાસ્ટીકનુ બુચ મારી, વ્યવસ્થીત લોહી નાખી સરખુ હલાવી મિકસ કરી, બી–ફોર્મ મે ભરેલુ. જે સ્થળપ્રત આજરોજ મારી સાથે લાવેલ છુ. જેમાં મારી સહી છે. જે રજુ દા.આંક–૨૩ આપવામાં આવે છે. એફ.એસ.એલ.ગાંધીનગરમાં સેમ્પલ મોકલેલુ જેનો પૃથ્થકરણ રીપોર્ટ અમને સી–ફોર્મમાં મળેલો. જેમા આલ્કોહોલની માત્રા ૦.૦૬૩૭ જણાઈ આવતા સદરહુ વ્યકિતએ કેફીપીણુ પીધેલ હોવાનુ જણાઈ આવેલ. સી–ફોર્મ હુ અસલ રજુ કરૂ છુ. જે દા.આંક–૨૪ આપવામાં આવે છે.''

સદર સાહેદ બચાવ પક્ષના વિધ્વાન વકિલશ્રી દ્વારા લેવામાં આવેલી તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે,''એ વાત ખરી છે કે આરોપીનુ બ્લડ ઈમરજન્સી વિભાગમાં લેવામાં આવેલ છે.એ વાત ખરી છે કે આંખની કીકી પહોળી હોવાના ઘણા કારણો હોય છે.**એ વાત ખરી છે કે દ્રાક્ષઆસવ જેવા ઔષધનુ વધારે પ્રમાણમાં સેવન કરેલુ હોય, તો બ્લડમાં આલ્કોહોલનુ પ્રમાણ આવી શકે.** એ વાત ખરી છે કે પોલીસવાળા આરોપીને લાવે ત્યારે બ્લડ સેમ્પલ લેવાનુ કામ ડોકટરે કરવાનુ હોય છે. **એ વાત ખરી છે કે આરોપીનુ બ્લડ અમોએ તૈયાર ફીયાલમાં નાખેલુ. એ વાત ખરી છે કે ફીયાલમાં એન્ટીકોગ્યુલન્ટનુ પ્રમાણ કેટલુ હશે તે હુ ચોકકસ કહી શકુ નહી** સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે ફીયાલ ૫ એમ.એલ.નુ હોય છે તેમાં જરૂર મુજબનુ એન્ટીકોગ્યુલન્ટ હોય છે.**એ વાત ખરી છે કે ફીયાલ તૈયાર હોય મે તેમાં એન્ટીકોગ્યુલન્ટ ઉમેરેલ નથી.**એ વાત ખરી નથી કે મે આરોપીનુ બ્લડ લીધેલ નહી.એ વાત ખરી નથી કે આરોપીનુ બ્લડ લેતી વખતે ટીંચર ના પોતાનો ઉપયોગ કરેલ હતો.એ **વાત ખરી છે કે આરોપીનુ બ્લડ તા.૧/૧૨/૨૫ ના રોજ લીધેલુ. અને તે બ્લડનુ સેમ્પલ ફોર્મ–સીના રીપોર્ટ મુજબ તા.૧૨/૧૨/૨૫ના રોજ એફ.એસ.એલ.માં મળેલુ.**એ વાત ખરી નથી કે મે ગુજરાત પ્રોહીબીશન બ્લડ ટેસ્ટ રૂલ્સ ૪(૨) મુજબ કોઈ કાર્યવાહી કરેલ નથી.''

(૯.૩) ત્યારબાદ ફરિયાદ પક્ષે **<u>તપાસ કરનાર અમલદાર પો.હેડ કો.પિન્ટુભાઈ ભીખાભાઈ વાઘેલા ને આંક–૩૨ થી</u>** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છેઈ તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ કે,''હું ગઈ તા.૧/૧૨/૨૫ના રોજ અમો તથા વિક્રમભાઈ ગરચર ભેસાણ –ચણાકા રોડ ઉપર પેટ્રોલીંગમાં હતા ત્યારે એક સુઝુકી કંપનીની સ્કુટી પેપ જેના રજીસ્ટર નંબર જી.જે.૧૪ એન.૦૮૩૬ આ કામના આરોપી નરેશ કનુભાઈ સાંખલા કેફીપીણુ પીધેલી

હાલતમાં ચલાવી આવતા મોઢુ સુંઘતા મોઢામાંથી વાસ આવતી હતી, શરીર નુ સમતોલપણુ જાળવી શકતા ન હતા.મજકુરને અટક કરી, વિગતવારનુ પંચનામુ કરેલુ. મને આંક–૮વાળુ પંચનામુ મને બતાવવામાં આવે છે. તેમાં મારી અને બે પંચો ની સહીઓ છે. જે હુ ઓળખુ છુ.એફ.એસ.એલ.માંથી પૃથ્થકરણ રીપોર્ટ આવતા પુરતા પુરાવા હોય ચાર્જશીટ કરેલુ.''

સદર સાહેદ બચાવપક્ષના વિધ્વાન વકિલશ્રી દ્વારા લેવામાં આવેલી તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે કે**,''એ વાત ખરી છે કે મે તપાસના કામે પોલીસ સાહેદ સિવાય બીજા કોઈ સાહેદોના નીવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામો જણાવેલા નથી. એ વાત ખરી નથી કે,પંચનામું સ્થાનિક જગ્યાએ જઈને કરેલ નથી.એ વાત ખરી નથી કે બનાવ સમયે પંચો સાથે ન હતા અને પાછળથી પંચોની સહીઓ લેવામાં આવેલ છે. એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે.એ વાત ખરી છે કે સદર ગુનાના કામે કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લેવામાં આવેલ નથી.''**

**<u>પુરાવાનું મૂલ્યાંકનઃ</u>–**

**<u>આરોપી પર આક્ષેપીત ગુનાની કલમ વંચાણે લેવી જરૂરી છે જે નીચે મુજબ છે</u>.**

## ***<u>SECTION 66 : Penalty for illegal cultivation and collection of hemp and other matters</u>***

**<u>(1) Whoever in contravention of the provisions of this Act, or of any rule, regulation or order made, or of any licence, permit, pass or authorization issued, thereunder-</u>**

(a) -[xxx]

**<u>(b)consumes or uses" any intoxicant (other than opium)] or hemp,</u>**

(c) taps or permits to be tapped any toddy producing tree,

(d) draws or permits to be drawn toddy from any tree, shall, on conviction, be punished,-

(i) **for a first offence with imprisonment for a term which may extend to six months and with fine which may extend to one thousand rupees.**

(ii) for a second or subsequent offences, with imprisonment for a term which may extend to two years but which shall not be less than six months and with fine which may extend to two thousand rupees."

**(૧૦)..** સદરહુ કામે કાયદાકીય પરિસ્થિતિ જોતાં ગુજરાત પ્રોહી. એક્ટની કલમ–૬૬(૧)(બી) હેઠળ જ્યારે કોઇ પણ ઇસમ વગર પાસ પરમીટ કેફી પીણું પીધેલ હાલતમાં મળી આવે તો સદરહુ કલમ લાગુ પડે.

**(૧૧)..** ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૧૦૪ ની જોગવાઇ ધ્યાને લીધી.

**Section.104. Burden of proof.—**

Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person. Illustrations.

(a) A desires a Court to give judgment that B shall be punished for a crime which A says B has committed. A must prove that B has committed the crime.

(b) A desires a Court to give judgment that he is entitled to certain land in the possession of B, by reason of facts which he asserts, and which B denies, to be true. A must prove the existence of those facts.

It is well settled that the prosecution can succeed by substantially proving the very story it alleges. It must stand on its own legs. It cannot take advantage of the weakness of the defence. Nor can the court on its

own make out a new case for the prosecution and convict the accused on that basis; **<u>Narain Singh v. State, (1997) 2 Crimes 464 (Del). (para15)</u>**

આ કામના આરોપી સામેનું તહોમત રેકોર્ડ પરનો પુરાવો વગેરે ધ્યાને લેતા ફરિયાદમાં પંચો સાથે કાર્યવાહી કરેલાનું જણાવે છે પરંતુ પંચોએ પંચનામાની કોઈપણ હકીકતને સમર્થન આપેલ નથી આ સિવાય પણ પંચ સાહેદ દ્વારા તેઓની રૂબરૂ કોઈ પંચનામુ કરવામાં આવેલું હોય તેવી તમામ હકીકતનો નકારી કાઢેલ છે. ત્યારબાદ રેકોર્ડ જોતાં એવું પણ જણાઈ આવે છે કે તપાસ કરનાર અધિકારીએ કોઈ પણ સ્વતંત્ર સાક્ષીના નિવેદન પણ લીધેલ નથી. ઉપરાંત, ફરિયાદ મુજબની હકીકત સાબિત કરવા માટે આજના ડિજિટલ યુગમાં જ્યારે પોલીસ સાહેદો પાસે android mobile phone ઉપલબ્ધ હોય છે ત્યારે પંચો સિવાય અન્ય માધ્યમ જેમકે ઈલેક્ટ્રોનિક પુરાવો વગેરેથી બીજો પુરાવો રજૂ કરી કેસની હકીકત સાબિત કરી શક્યા હોત પરંતુ Prosecution તરફથી આવી કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નથી કેવું રેકોર્ડ જોતા જણાઈ આવે છે.

(૧૨).. હાલના કામે આરોપી વિરૂદ્ધ ગેરકાયદેસર વગર પાસ પરમીટનો દારૂ પીવાનો આરોપ છે, જે સંજોગોમાં બ્લડ ટેસ્ટની કાયદાકીય જોગવાઈઓ અનુસંધાને મેડિકલ પુરાવાનું મૂલ્યાંકન કરવું જરૂરી જણાય છે. સરળતા ખાતર બોમ્બે પ્રોહીબીશન (મેડિકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ, ૧૯૫૯ નિયમ ૪ ની જોગવાઈ નીચે દર્શાવવામાં આવેલ છે.

4. Manner of Collection and forwarding of blood.

(1) The registered medical practitioner shall use a syringe for the collection of the blood of the persons produced before him under rule 3. The syringe shall be sterilized by putting in the boiling water before it is used for the aforesaid purpose. He shall clean with 1% aqueous solution of mercurochrome of genitor violet, not containing alcohol or its solution the skin surface of that part of such person’s body from which he intends to withdraw blood. No alcohol shall be touched at any stage while withdrawing blood from

the body of the person. He shall withdraw not less than 5 c.c of venous blood in the syringe from the body of the person. The blood collected in the syringe shall then be transferred into a phial containing anticoagulant and preservative and the phial shall be shaken vigorously to dissolve the anticoagulant and preservative in the blood. The phial shall be labelled and its cap sealed by means of sealing wax with the official seal or the monogram of the registered medical practitioner.

**(2) The sample blood collected in the phial in the manner stated in sub-rule (1) shall be forwarded for test to the Testing officer either by post or with special messenger so as to reach him within seven days from the date of its collection.** It shall be accompanied by a forwarding letter in form "B" which shall bear facsimile of the seal or monogram used for sealing the phial of the blood sample.

(૧૩).. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ અનુસંધાને હાલના કામે તબિબિ અધિકારીના પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, હાલના કામે તબિબિ અધિકારીશ્રીના પુરાવાથી હાલના આરોપીના લોહીમાં એફ.એસ.એલ. રીપોર્ટ મુજબ નિયત માત્રા કરતાં વધુ આલ્કોહોલ મળી આવેલાનું પુરવાર થતું હોય તે સંજોગોમાં ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૬૬(૧)(બી), મુજબનો ગુનો બને છે કે કેમ ? તેની વિચારણા કરવાનું રહે છે. જે સંજોગોમાં હાલના કામે રજૂ મેડિકલ ઓફિસરશ્રીનો પુરાવો ઉપર્યુક્ત નિયમ અને ચુકાદામાં પ્રસ્થાપિત કાયદાકીય પરિસ્થિતિ ધ્યાને લેતાં બચાવપક્ષે નીચે જણાવેલ ચુકાદો રજુ રાખેલ છે.

નામદાર ગુજરાત હાઈકોર્ટના **"કાલીદાસ ધુળાભાઈ વાઘેલા વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત" – ૧૯૯૫ (૨) જી. એલ. એચ. ૯૩૩** ના પેરા ૬ માં ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લેવો જરૂરી છે જે ચુકાદાની સરળતા ખાતર નીચે નોંધેલ છે.

"(6) It is clear on plain reading of the aforesaid Rule 4 that the blood is to be collected in the syringe and to be transferred into

phial containing anti-coagulant and preservative and it has to be done by the doctor. It is not clear from the material on record as to at what point of time the anticoagulant and preservative were added in the prepared phial which was given to P. W. 3 for the purpose of collection of blood of the accused. This is grave infirmity in the process of collecting the blood of the accused. It is, therefore, in clear breach of the above Rule 4. It is also clear from the evidence on record that the anticoagulant and the preservative which had to be added were not added by the doctor himself. *As observed above, the doctor admitted that be had received a ready phial containing anti coagulant and preservative.* There is no evidence or other material on record to show as to who in fact put anticoagulant and preservative in the phial and at what time it was so placed in the phial. The doctor has also admitted that the syringe was made clear and sterilized by the Hospital peon. Rule 4 of the said Rules of 1959, inter alia, requires that the blood collected in the syringe shall be transferred into phial containing anticoagulant and preservative. Admittedly, this was not done by the doctor. This is in violation of the mandatory provisions contained in the said Rule 4. This infirmity is of fatal nature and vitiates the order of conviction."

(૧૪).. સદર ગુનાના કામે ડોક્ટર સાહેદની જુબાનીમાં ફોર્મ–એ જોવામાં આવે તો તા.૦૧/૧૨/૨૦૨૫ ના રોજ આરોપી વ્યકિતનુ લોહી લીધેલ છે અને તે જ તારીખે એફ.એસ. એલ.પૃથ્થકરણ માટે ગાંધીનગર લેબોરેટરી ખાતે મોકલાવેલ છે.હવે, નિયમ મુજબ સાત દિવસમાં બ્લડ મળી જવુ જોઈએ પરંતુ, ફોર્મ–સી જોતાં તા. ૧૨/૧૨/૨૦૨૫ ના રોજ બ્લડ મળેલુ જણાય છે. એટલે કે,૧૧ દિવસ બાદ મળેલ છે. જે બોમ્બે પ્રોહીબીશન (મેડિકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ, ૧૯૫૯ નિયમોનો દેખીતો અને સ્પષ્ટ ભંગ છે. જેનો લાભ આરોપીને મળવો જોઈએ.

આમ, ઉપરોકત નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતને ધ્યાને લેતાં **બોમ્બે પ્રોહીબીશન (મેડિકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ) રૂલ્સ, ૧૯૫૯ નિયમ ૪ ની ફરજીયાત જોગવાઈઓનો ભંગ થતો હોવાથી** આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. આમ, ઉપરોક્ત ચર્ચા અને સદર કેસની હકીકત અને ફરિયાદપક્ષે રજૂ કરેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા ફરિયાદપક્ષ હાલના આરોપીએ કેફીપીણુ પીધેલાની હકીકત રેકર્ડ ઉપર રજૂ સર્ટીફીકેટ ધ્યાને લેતાં આદેશાત્મક જોગવાઈનો ભંગ થયેલ છે તે સંજોગોમાં આરોપી વિરૂદ્ધ ગુજરાત નશાબંધી અધિનિયમ ની કલમ ૬૬(૧)બી મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર થયેલ ગણી શકાય નહી જેથી ધી એમ.વી.એકટની કલમ–૧૮૫ અન્વયેનો ગુનો પણ તેને સંલગ્ન હોય તે પણ પુરવાર થયેલ માની શકાય નહી. સબબ ઉપરોકત હકીકતે ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી સામે તેમનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીએ સદર ગુનો કરેલ હોવાનું પુરવાર થતું ન હોઈ, મુદ્દા નં. "**૧**" નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં. "**૨**" પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) આ કામના આરોપી **નરેશભાઈ કનુભાઈ શાંખલા,**ઉ.વ.૩૯, ધંધો–મજુરી, રહે. ભુતનાથ શેરી વણકરવાસ ભેસાણ,તા.ભેસાણ,જી.જુનાગઢ નાઓને ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એકટ ની કલમ–૧૮૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૮(૧) અન્વયે શંકાનો લાભ આપી **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલ વાહન સુઝુકી કંપનીની સ્કુટી પેપ મોપેડ જેના રજી.નં.GJ–14–N–0836,જેની કિં.રૂા.૭,૦૦૦/– અંગે વચગાળાની કસ્ટડીએ પરત સોપવાનો હુકમ કરવામાં આવેલ હોય તો તેને કાયમ રાખવામાં આવે છે અને અપીલ સમય વિત્યા બાદ તેની શરતોમાં થી મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો વચગાળાની કસ્ટડીએ વાહન પરત સોપવાનો હુકમ ન કરવામાં આવેલ હોય તો

અપીલ સમય પુરો થયા બાદ સદરહું વાહનની માલીકીની ખરાઈ કરી તેના સાચા અને ખરા માલીકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૧(૧) મુજબ સદર ચુકાદા વિરૂધ્ધ અપીલ થાય તો નામદાર એપેલેટ કોર્ટમાં હાજર રહેવા માટેના આરોપીએ રૂ.૭૫૦૦/– (અંકે રૂપિયા સાત હજાર પાંચસો પુરા) જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની કોર્ટમાં રજૂ કરવા વિકલ્પે અગાઉ રહેલ જામીનદારની જામીન તરીકે ચાલુ રહેવા અંગેની પુરસીસ રજૂ રાખવી.

હુકમ આજરોજ તારીખ ૦૬, ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ–૦૬/૦૮ /૨૦૨૬
સ્થળ – ભેંસાણ.

**ભાસ્કરકુમાર રમેશભાઈ કારીયા**
CODE No. GJ 01626
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ભેંસાણ.